સંદેશ, પાના નંબર :- ૨૬

તારીખ :- ૨૩/૦૨/૨૦૨૬

મુસાફરોની સુવિધા માટે સ્ટેશન અને મેટ્રો ટ્રેનમાં રૂટના મેપ જોઈ શકાશે

# અમદાવાદ-ગાંધીનગરની મેટ્રો લાઇન ડિસ્પ્લેમાં કલર કોડથી ઓળખી શકાશે

## ૧૬ જાન્યુઆરીથી મહાત્મા મંદિર સુધી મેટ્રો દોડશે, મહત્તમ ભાડુ રૂ. ૪૦

। અમદાવાદ ।

અમદાવાદ મેટ્રો તા. ૧૬ જાન્યુઆરીથી હવે ગાંધીનગરમાં છેક મહાત્મા મંદિર સુધી દોડતી થઈ જશે. અમદાવાદ અને ગાંધીનગરમાં દોડતી મેટ્રોના રૂટો ઓળખવામાં સરળતા રહે તે માટે દરેક રૂટને કલર કોડ અપાયા છે કે જેથી સ્ટેશન અથવા મેટ્રો ટ્રેની અંદરના ડિસ્પ્લેમાં મુસાફરને જેતે રૂટનો મેપ ઓળખવામાં મુશ્કેલી ન પડે. વસ્ત્રાલથી થલતેજ ગામના રૂટને બ્લુ લાઈન, એપીએમસી વાસણાથી મોટેરા સ્ટેડિયમના રૂટને રેડ લાઈન, મોટેરા સ્ટેડિયમથી મહાત્મા મંદિર સુધીના રૂટને યલો લાઈન અને GNLU થી ગિફ્ટસિટીને જોડતા લિંક રૂટને વાયોલેટ લાઈનનો કલર કોડ રૂટના નકશામાં અપાયો છે. આમ અમદાવાદના કોઈપણ ખુણેથી હવે મહત્તમ ૪૦ રૂપિયાના ભાડામાં મેટ્રોમાં મહાત્મા મંદિર સુધી પહોંચી શકાશે.

### મેટ્રો રૂટ ગાઈડ: કયો કલર કયા રૂટ માટે?

| રૂટનો કલર | ક્યાંથી | ક્યાં સુધી(રૂટ) | અંતર |
|---|---|---|---|
| બ્લુ લાઇન | વસ્ત્રાલ ગામથી થલતેજ ગામ | ૨૧.૧ કિ.મી. | ૪૫ મિનિટ |
| રેડ લાઇન | APMC વાસણાથી મોટેરા સ્ટેડિયમ | ૧૮.૮ કિ.મી. | ૩૨ મિનિટ |
| યલો લાઇન | મોટેરા સ્ટેડિયમથી મહાત્મા મંદિર | ૧૬.૯ કિ.મી. | ૪૭ મિનિટ |
| વાયોલેટ લાઇન | GNLUથી ગિફ્ટ સિટી (લિંક રૂટ) | ૫.૮ કિ.મી. | ૦૮ મિનિટ |

**આ વર્ષે કોટેશ્વરથી એરપોર્ટ મેટ્રો લાઇનનું કામ શરૂ કરાશે ।** ચાલુ વર્ષે ૨૦૨૬માં કેટેશ્વરથી એરપોર્ટ સુધીના નવા મેટ્રો લાઇનનું કામ શરૂ કરાશે તેમજ ગિફ્ટ સિટી સ્ટેશનથી ગિફ્ટ સિટીની અંદર નવા ત્રણ મેટ્રોના સ્ટેશન બનાવવામાં આવશે.